ગાંધીનગર સમાચાર

સલામી સવારની..

સોનું અને ચાંદી કિલોના ભાવે ઓલાય છે,
ને નવી નોટોના 'ઓન'માં ભાવ બોલાય છે,
વિલાય હૈયું 'ભાવુક' વડાનું સમસ્યા - ઓથી -
દેશમાં ભાજી-ખાજાં ટકે શેર તોલાય છે...

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હાઈકુ

રાષ્ટ્ર અધમ,
ઉપાડ્યો છે અધમ,
કૃત્ય અધમ!
(નાપાક - નરાધમ)

નોટબંધીમાં -
બેન્ક વે'પાર બંધ,
સંસદ બંધ!
(વિકાસ બંધ)

ચિંતન

પ્રેમ પિયાલા સો પિયે, શીશ દક્ષિણા દેય
લોભી શીશ ન દે સકે, નામ પ્રેમ કા લેય.

કબીરની આ સાખીમાં પ્રેમનો ખ્યાલ એટલો વિશાળ છે કે, તેને કોઈ વ્યાખ્યાના ચોકટામાં સમાવી ન શકાય, સૌ પ્રેમનો ઢોંગ કરી શકે છે, કરે જ છે. જ્યારે એકાકાર થઈ સમર્પણ કરવાનો પ્રસંગ આવે ત્યારે અહમ્-લોભરૂપી બે હાથ પ્રેમને રોકી લે છે. કબીર કહે છે કે, પ્રેમનો પ્યાલો નિઃશુલ્ક નથી મળતો. તે માટે માથું મૂકવાનું છે. પ્રેમની સાચી દક્ષિણા અહમરૂપી શીશને ભૂલી જવાની છે. આપણે સૌને કંઈક બનવું છે. સાથે સાથે કાંઈક બનાવવું પડે છે. આ એષણા છૂટે તો પ્રેમનું દ્વાર ખૂલે. જયારે મન સંકુચિત થાય, દરેક વસ્તુમાં શંકા કરે - ભેદ પાડે અને સ્વમાં રત રહે ત્યારે અનર્થ થાય છે. પ્રકાશને બદલે અંધકાર, શ્રદ્ધાને બદલે ભય, પરમાર્થને બદલે સ્વાર્થ અને પ્રેમના બદલે હિંસાના વાતાવરણમાં વ્યક્તિ અટવાયા કરે છે.

સુવિચાર

- નિરીશ્વરવાદી થવા માટેનાં મનોબળ અને હૃદયની સારપ તો હજારે ય કોઈનામાં ન મળે - **સેમ્યુઅલ ટેઈલર**
- શિસ્ત એ એવા અગ્નિ છે જેમાંથી શુદ્ધ થઈને શક્તિ સામર્થ્ય બને છે - **એન્ટોવ ચેખોવ**
- ઈતિહાસ એ પરાક્રમી યોદ્ધાઓનું નીરવ પદ્ચિહ્નોમાં રૂપાંતર કરે છે - **જનકલ્યાણ**
- કેટલાક માણસો શિસ્તને બોજો માને છે... પણ ખરેખર શિસ્તએ ઊંચે આકાશ વિહરવાની સહજ વ્યવસ્થા છે - **શીવ ખેરા**
- ઈશ્વરે આપણને મૌલિક બનવા જ સર્જ્યા છે, પણ પછી શા માટે આપણે નકલ કરવી જોઈએ - **અબ્રાહમ લિંકન**
- મોટા ભાગના આપણા દુર્ભાગ્યો જયારે આપણે જ આપણા નસીબ આડે ઊભા રહી જઈએ છીએ એટલે આવે છે - **વોલ્ટ કેલી**
- આજનું ઔષધ : ખાલી પેટે ટામેટા પર મીઠું-મરી ભભરાવી ખાવાથી બાળકોના કૃમિ નાશ પામે છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

જીવનમાં માતૃભાષાનું ખૂબ જ મોટું મહત્ત્વ છે. માણસની કલ્પના શક્તિ અને વિચારશક્તિનો વિકાસ 'માતૃભાષા' ના શિક્ષણ દ્વારા જ થઈ શકે - દુનિયાના વિકાસ સાથે રહેવાનું બ્હાનું બતાવવામાં આવે કે પણ ચીન-રશિયાના વડાપ્રધાનો પોતાની માતૃભાષામાં જ વ્યવહાર કરે છે ને દુનિયામાં શ્રેષ્ઠ છે જ.

પરતંત્રતા દરમિયાન ઘણા દક્ષિણના યુવાનો અંગ્રેજીનું શિક્ષણ (સરકારી) પ્રાપ્ત કરી વહીવટ ચલાવવા માટે અંગ્રેજી વિદ્યાર્થીઓ તૈયાર કરવાનું શિક્ષણ-જરૂરી મુજબનું - આપતા હતા. તે વખતના એક કેળવણી નિરીક્ષકશ્રી વિનાયક રાવે અંગ્રેજીમાં બાળકોને ભણાવતા શિક્ષકને સૂચના આપી - વિદ્યાર્થીઓ 'હિંદી ભાષી' છે એમને હિંદીમાં જ શિક્ષણ આપો - એક માસમાં હિંદી શીખી લ્યો! શિક્ષક હિન્દી શીખ્યા અને એકમાસમાં જ હિન્દીમાં ભણાવવા લાગ્યા -

આ વિનાયક રાવ એટલે સ્વાતંત્ર્ય પછીના વિનોભા ભાવે - જે પોતે પણ ભારતની ૧૬ ભાષા જાણતા હતા.

પાકિસ્તાન સામે વધુ એક સર્જિકલ સ્ટ્રાઈક

પાકિસ્તાન પર ભારતીય આર્મીની સર્જિકલ સ્ટ્રાઈકથી જે પ્રારંભિક અસર સરજાઈ હતી, તે હવે લગભગ ભૂંસાઈ ગઈ છે. ફરી પાછું પાકિસ્તાન એની મૂળ રગમાં આવી ગયું છે અને કાશ્મીર સરહદે એનાં છમકલાંનો નવો દોર શરૂ થઈ ગયો છે. ભારતીય સૈનિકોનાં માથાં કાપવાનો સિલસિલો ચાલુ જ છે તે દર્શાવે છે કે પાક આર્મી એની સામે ગમે તેટલાં આકરાં પગલાં ભરવામાં આવે તો પણ એની જૂની અને જાણીતી રીતરસમો છોડવા તૈયાર નથી. એક વાર 'સર્જિકલ સ્ટ્રાઈક' કરીને દુનિયાભરમાં મોટા ઉપાડે પ્રચાર કરી દેવાથી પાકિસ્તાનને ચૂપ કરી શકાય, એ થિયરી સદંતર ખોટી સાબિત થઈ છે. ત્રાસવાદીઓને નોટબંધી જેવું ઉગ્ર પગલું પણ ઘુસણખોરી કરતાં અટકાવી શક્યું નથી. છેલ્લે માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી નવી નોટો જ મળી આવી છે. ગુજરાતીમાં એક તળપદી કહેવત છે : 'ઊંટે કર્યા ઢેકા તો માણસે કર્યા કાઠડા.' પાકિસ્તાન આપણી નવી કરંસીની પણ નકલ કરીને જ જંપશે, એમાં શંકાને સ્થાન નથી. માછિલ સેક્ટરમાં બનેલી ઘટનામાં ભારતીય સૈનિકો શહીદ થયા છે. શહીદ સૈનિકોનાં શિરચ્છેદ કરાયા છે. અર્થાત્ પાકિસ્તાન હતું એનું એ જ છે. એની જંગાલિયત, અમાનુષી વર્તણૂક કે ભારત પ્રત્યેની સૂગમાં લેશ પણ ફરક પડતો નથી. આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર એકલું અટૂલું પડી ગયા પછી પણ એ એનાં અળવીતરાં પૂર્વવત્ ચાલુ રાખી શક્યું છે. આપણે જિનીવા સંધિનો હવાલો આપીને વિરોધ નોંધાવીએ એથી એને કોઈ જ ફરક પડવાનો નથી. પાકિસ્તાન વિશે હવે દુનિયાનો કોઈ પણ દેશ અંધારામાં નથી, વળી એને 'આતંકવાદી દેશ' જાહેર કરવાની માગણી પર અત્યાર સુધીના આપણા વડાપ્રધાનો વારંવાર કરતા રહ્યા છે. ભારતની રજૂઆતને યુનોમાં ઝાઝું વજૂદ મળે એ પહેલાં જ અમેરિકાથી લઈ ચીન સુધીના પાકિસ્તાનના મિત્રો એની સીધી કે આડકતરી મદદે દોડી આવે છે. છેલ્લે અમેરિકન રાષ્ટ્રપતિ ઓબામાએ અને એમના વિદેશમંત્રીએ બહુ ચોખ્ખા શબ્દોમાં પાકિસ્તાનને આતંકવાદી પ્રવૃત્તિઓ કરતા જુથ્થાન લોકોની સામે પગલાં ભરવાનું સૂચન કર્યું હતું. પાકિસ્તાનની ધરતીનો કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિઓ માટે ઉપયોગ ન થવો જોઈએ - એવી થિયરી સાથે બધા જ સહમત છે, પણ પાકિસ્તાનને એવું કરતાં રોકવાની કોઈની તૈયારી નથી. કાશ્મીરને પાકિસ્તાન પોતાનું માનીને ચાલે છે અને કાશ્મીર સમસ્યા હલ નહીં થાય ત્યાં સુધી ભારત સાથે સુલેહ નહીં થઈ શકે એવું ગાઈવગાડીને કહેતું રહે છે. આ સમસ્યાનો હલ કયારેય આવે એમ નથી કારણ કે ભારત તો સમગ્ર કાશ્મીરને પોતાનું અંગ ગણાવી ઉલ્ટાનું પાક અધિકૃત કાશ્મીર પણ કબજે કરવાની વાતો કરતું રહે છે. બેઉ પક્ષે પડેલી મડાગાંઠનો છેવટનો ઉકેલ મધ્યસ્થીથી આવી શકે, પણ

તંત્રીસ્થાનેથી...

ભારત એવી કોઈની મધ્યસ્થી સ્વીકારવા તૈયાર નથી. નહીંતર અમેરિકા તો વારંવાર મધ્યસ્થી કરવાની છૂપી તૈયારી પણ દર્શાવેલી છે. એક વાર અમેરિકા મધ્યસ્થી કરે તો એ કાયમને માટે કાશ્મીર મુદ્દે વધારાની શિરોવેદના જ બની રહે. આખરે કાશ્મીરને બાંગ્લાદેશની જેમ સ્વતંત્ર દેશ તરીકેની માન્યતા આપવા સુધીના વિકલ્પો રચાય. એમાં ગુમાવવાનું ભારતના ભાગે જ આવે. ચીન વ્યૂહાત્મક દૃષ્ટિકોણથી હંમેશા પાકિસ્તાનને 'નેચરલ એલાઈ' - કુદરતી સહયોગી દેશ માનતું રહ્યું છે. એણે ખુદ અમેરિકા સામે બાંયો ચડાવીને પાકિસ્તાનના કુખ્યાત આતંકવાદી અઝહર મસૂદને આંતરરાષ્ટ્રીય ત્રાસવાદી ઘોષિત કરવાની ચળવળનો વિરોધ કર્યો હતો અને ભારતના પ્રસ્તાવને વિટોથી ઉડાવી દીધો હતો, તે જ શું સૂચક નથી? આવા વિકટ સંજોગોમાં પાકિસ્તાન દ્વારા આચરાતાં દુષ્કૃત્યો અને યુદ્ધના નિયમો બાજુએ મૂકી પાડોશી દેશના સૈનિકો પર જ નહીં, નિર્દોષ નાગરિકો પર પણ તોપમારો તથા ગોળીબાર જેવી ઘટનાઓ, શિરચ્છેદ જેવી ધૃણાસ્પદ અને કાયરતાપૂર્ણ હરકતોનો ભારત પાસે શો જવાબ છે? શું ફરી એક વાર 'સર્જિકલ સ્ટ્રાઈક' કરી દેવાથી પાકિસ્તાન લાઈન પર આવી જશે? જો આપણી સરકાર કે સેના એવા ખ્યાલોમાં રાચતી હોય તો તે ભીંત ભૂલે છે.

સાચને નહીં આંચ

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

અયોધ્યામાં વિદ્વાન બ્રાહ્મણ દેવદત્ત અને એની પત્ની રોહીણી રહેતાં હતા. એમને એક પુત્ર જન્મ્યો, એનું નામ ઉતથ્ય પાડ્યું, પરંતુ આ બાળકને કારણે એમને ચિંતા અને પરેશાની વધી ગયા. એને કોઈ પણ રીતે ભણતર ચડે જ નહિ. આશ્રમમાં અભ્યાસ માટે મૂક્યો, પણ કોઈ અર્થ સર્યો નહિ. બધાં એને મૂરખ અને નિરક્ષર કહીને ચીડવવા લાગ્યા.

અંતે કંટાળીને એણે ઘર છોડી દીધું. દેવદત્ત અને રોહિણી એ પણ સ્વીકારી લીધું! ઉતથ્ય હવે ગંગા કિનારાની એકાંત જગ્યાએ આવ્યો, નાની પર્ણકુટિ બનાવીને રહેવા લાગ્યો. ધરમધ્યાન તો આવડતું જ ન હતું. કશું કર્યા વગર એણે ચૌદ વરસ કાઢી નાખ્યા.

પરંતુ અહીં રહેવા આવ્યો, ત્યારથી એણે એક વ્રત લઈ લીધું હતું, કે પોતે કોઈ પણ સંજોગોમાં ખોટું નહિ બોલે અને જે બોલશે તે સાચું જ બોલશે. એટલે આજુબાજુના પંથકમાં લોકો એને સત્યવ્રત મુનિ તરીકે ઓળખતાં, એ રીતે એની પ્રસિદ્ધિ હતી.

એકવાર ઉનાળાનો બળબળતો બપોર હતો. પોતે ઝૂંપડીની બહાર બેઠો હતો. ઓચિંતું જ એક ભૂંડ ધસી આવ્યું. એ લોહીથી લથબથ હતું. એ શિકારીનાં બાણથી ઘવાયેલું હતું. શિકારી પાછળ પડ્યો હતો. તે જીવ બચાવવા નાસતું હતું. ભૂંડ તરફની પારાવાર દયા અને બાણ મારનાર તરફના તીવ્ર આક્રોશને કારણે એનાથી ચીસ પડાઈ ગઈ. 'ઐ'. ઐણે ભૂંડને બાજુની ગીચ ઝાડી બતાવી. ભૂંડ દોડીને અંદર સંતાઈ ગયું. હવે તે દેખાતું ન હતું.

ખરેખર થોડીવારમાં શિકારી આવ્યો. એણે ધનુષ્ય પણ બાણ ચડાવીને જ રાખ્યું હતું. આજુબાજુ જોયું. ભૂંડને જોયું નહિ,

તેથી સત્યવ્રતને કહ્યું -

મુનિ મહારાજ! મને ખબર છે -તમે ખોટું બોલતાં નથી. ભૂંડ મારો શિકાર છે. એ આ બાજુ આવ્યું છે. તમે જોયું છે?'

સત્યવ્રત માટે ધર્મસંકટ ઊભું થયું. પોતે સાચું બોલે, તો આ શિકારી એને મારી નાખે, પોતે એક નિર્દોષ પ્રાણીની હત્યાના ભાગીદાર બને. અને ખોટું બોલે તો પોતાના વ્રતનો ભંગ થાય છે. 'જોયું છે' એમ ન કહેવાય, 'નથી જોયું' એમ ન કહેવાય.

પરંતુ તે 'ઐ' બોલ્યો હતો. એને તો ખબર ન હતી, 'ઐમ' સરસ્વતીનો બીજમંત્ર છે. તેનાથી 'ઐમમ્ની જગ્યાએ 'ઐ' બોલાઈ જવાયું. તો પણ દેવી સરસ્વતી એના પર પ્રસન્ન થઈ ગયા! એનામાં બધી વિદ્યાઓ સંક્રાન્ત કરી અને ઉચ્ચ કક્ષાના કવિત્વ શક્તિ સંક્રાન્ત કરી.

એના મુખેથી શ્લોક સરી પડયો - 'હે શિકારી! જોનારી તો આંખો છે પણ તે બોલતી નથી. બોલનારી તો વાણી ચે, પણ એણે તો જોયું નથી. તું તારું કામ કર. મને શા માટે પૂછી રહ્યો છો?'

શિકારી તો માથું ખંજવાળતો જતો રહ્યો.

સત્યવ્રતને હવે આત્મજ્ઞાન થયું. એણે દેવી સરસ્વતીના બીજમંત્ર 'ઐમ્' ની વિધિપૂર્વક ઉપાસના કરી. એને ભાન થી ગયું કે અજાણતાપણે બોલાયેલા અધૂરાં બીજમંત્રથી પણ આ દેવી સરસ્વતી પ્રસન્ન થાય છે. એક વિદ્વાન તરીકેની, એક કવિ તરીકેની, એક ઋષિ-તપસ્વી તરીકેની એની સુવાસ આજુબાજુના વિસ્તારમાં ફેલાવા લાગી.

દેવવ્રત અને રોહિણી સુધી આ સુવાસ પહોંચી. તેઓ સજા કે એની પર્ણકુટિરમાં આવ્યા. આગ્રહ કરીને માનભેર પોતાની સાથે અયોધ્યા લઈ આવ્યા.

યુરીન સુગર ગેરમાર્ગે દોરી શકે છે?

મમતાબેનને અશક્તિ લાગતી હતી. બેચેની લાગતી હતી. તરસ ખૂબ લાગતી હતી. વારે વારે પાણી પીવાની ઈચ્છા થતી હતી. પેશાબ પણ વધારે વખતે જવું પડતું હતું. કઈ સમજાતું નહી. મમતાબેન ગભરાયેલા રહેતા હતા. પછી એક દિવસ એમને ડોક્ટર ની સલાહ લીધી. ડોકટરે કહ્યું આવું સામાન્ય રીતે ડાયાબીટીસ માં થાય. આપણે બોડી - પ્રોફઈલ આખું કરાવી લઈએ. પહેલા ભૂખ્યા પેટે, જમ્યા પછી ૨ કલાકે એમ ૨ વાર લોહી અને પેશાબ ના ટેસ્ટ કરવો. જોઈએ રીપોર્ટ શું આવે છે. મમતાબેન લેબોરેટરીમા ગયા. ડોકટરે કહ્યું એ પ્રમાણે રીક્વીસીઝન ફોર્મ લેબોરેટરી માં બતાવ્યું. લેબોરેટરી વાળા ડોકટરે કહ્યું કે ડોક્ટર સાહેબે બોડી-પ્રોફાઈલ નામનો ટેસ્ટ લખી આપ્યો છે. મમતાબેને સવાલ કર્યો કે બોડી- પ્રોફાઈલ મા કયા કયા ટેસ્ટ આવે અને એમાં શું ખબર પડશે? લેબોરેટરીવાળા ડોકટરે જવાબ આપ્યો, 'આ કોમ્પ્રેહેંસીવ બોડી- પ્રોફાઈલ છે.' જેમા શરીર ના બધા અવયવો ના લગભગ બધા ટેસ્ટઆવી જાય છે. મમતાબેને પૂછ્યું કે આ બધા ટેસ્ટ નોર્મલ આવે તો મારા શરીર માં કોઈ રોગ નથી એવું સાબિત થાય ? શું એમાં કેન્સર ને લગતા પણ બધા ટેસ્ટ આવી જાય છે? ડોકટરે કહ્યું, 'મમતાબેન લગભગ ૯૦-૯૫% અમે કહી શકીએ કે તમને કોઈ રોગ નથી.' આ બોડી-પ્રોફાઈલમાં લોહીનું કેન્સર, ગર્ભાશય નું કેન્સર, અને પુરુષોમાં પ્રોસ્ટેટનું કેન્સર નથી એમ અમે ૧૦૦% કહી શકીએ. શરીરના બીજા અવયવોમાં જેવા કે સ્તનનું કેન્સર, લીવરનું કેન્સર, સ્વાદુપીંડનું કેન્સર, એ કેન્સરની ખબર આ પ્રોફાઈલમાંના પડે. તેના માટે લોહીના માર્કાર્સ (લોહીના બીજા ટેસ્ટ) જરૂર હોય તો કરવા પડે. જેમકે સ્તન ના કેન્સર માટે ઝછ - ૧૫.૩, સ્વાદુપીંડ માટે ઝછ -૧૯.૯, લીવર કેન્સર માટે AFP, હોજરીના કેન્સર માટે CEA & CA ૭૨-૪, અંડાશયના કેન્સર માટે CA125 +CEA, જીવાણુ કોશિકાની ગાંઠ માટે AFP + hCG, લિંગના કેન્સર માટે Small Cell NSE + CEA જેવા અલગ અલગ ટેસ્ટ કરવા પડે. મમતાબેને કહ્યું કે ડોક્ટર સાહેબ તમે બહુ સરસ સમજણ મને આપી. પણ ડોક્ટર સાહેબ આપને તો કેન્સરની મોટી મોટી વાતો કરી ક્યાય ટી.બી.ની વાત આવી નહિ. એટલે કે ટી.બી. માટે કયો ટેસ્ટ થાય. ડોક્ટર સાહેબે કીધું હા ટી.બી. માટે પણ ટી.બી. ફેરોન નામનો લોહીમાંથી થતો ટેસ્ટ થાય છે. તેમાંથી ખબર પડે છે કે ટી.બી. થયો છે કે નહિ? મમતા બેને પૂછ્યું કે આ સિવાય બીજા કયા ટેસ્ટ ની ખબર પડે. ડોકટરે કહ્યું, કે FBS, PPBS (ભૂખ્યા પેટે અને જમ્યા પછી બરાબર ૨ કલાકે). ભૂખ્યા પેટ માં પાણી સિવાય કઈ નહિ લેવાનું. અને પછી લોહી આપવાનું. અને જમ્યા પછી બરાબર ૨ કલાકે લોહી આપવાનું.

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

બીજો ટેસ્ટ છે, લીપીડ પ્રોફાઈલ જેમા કોલેસ્ટ્રોલ અને તેમાં બીજા રહેલા ઘટકની જાણકારી થાય છે. ક્રિએટીનીન અને યુરિયાના ટેસ્ટમાં કીડની વિષે જાણવા મળે છે. બીલીરૂબીન અને એસ.જી. પી. ટી. જેમાં લીવરની ખબર પડે છે. ઈલેક્ટ્રોલાઈટ જેમાં સોડીયમ, પોટેસીયમ, અને ક્લોરાઈડ નો ખબર પડે છે. કેલ્સિયમ અને ફોસ્ફરસ જેમાં શરીર માં રહેલી કેલ્સિયમ કે ફોસ્ફરસ ની ઉણપ વિષે ખબર પડે છે. યુરિક એસીડમાં યુરિક એસીડ કેટલું છે એની ખબર પડે છે. પેશાબ અને ઝાડો એ પણ ખૂબ અગત્ય ના છે. એ ઉપરાંત લોહીના ઘટકો માટે સી.બી.સી. ઈ.એસ.આર., પ્રોટીન માટે સીરમ પ્રોટીન, થાઈરોઈડ ફંકશન ટેસ્ટ, એલ.ડી.એચ, ઉપરાંત ૩ મહિના નો એવરેજ ડાયાબીટીસ, HBA1C., માઈક્રો અલ્બ્યુંમીન યુરિયા, આર.એ. ફેક્ટર, બિ૧૨,વિટામીન ડી, એ ઉપરાંત આવા અગત્યના લોહીના ટેસ્ટ આ પ્રોફાઈલ માં આવે છે. મમતાબેને બીજા દીવસે પ્રોફાઈલ કરાવ્યું. અને એમાં ડાયાબીટીસ આવ્યો.

સવીતાબેને ભૂખ્યા પેટે અને જમ્યા પછી (FBS, PPBS) ડાયાબીટીસ નો ટેસ્ટ કરાવ્યો. FBS 140 આવ્યું. અને PPBS 190 આવ્યું. યુરીન સુગર બંને માં નીલ આવ્યું. આને ડાયાબીટીસ કહેવાય?

શારદા બેનને FBS 110 આવ્યું અને PPBS 140 આવ્યું. યુરીન સુગર બંનેમા +++ આવ્યું. આને શું કહેવાય?

મનસુખ ભાઈ ને ૨૦ વર્ષ થી ડાયાબીટીસ છે. FBS 180 આવ્યું. PPBS 280 આવ્યું. યુરીન સુગર નીલ આવ્યું. આ શું? રીપોર્ટ ખોટો છે?

માધુરી બેનને ૫ વર્ષ થી ડાયાબીટીસ છે. પેશાબ મા પરુ થઈ ગયું હતું. FBS 200 આવ્યું. PPBS 300 આવ્યું. યુરીન સુગર નીલ આવ્યું. હદ થાય છે ને?

ચતુર ભાઈને કાયમ ની ફરિયાદ હતી. હું જયારે જયારે ડાયાબીટીસ નો ટેસ્ટ કરવું છું ત્યારે પેશાબમાં ++++ આવે છે. અને લોહીનો રીપોર્ટ નોર્મલ હોય છે.

આવા તો અસંખ્ય દાખલાઓ મળે જેમાં લોહીના આંકડાઓ અને પેશાબ ના રીપોર્ટ નો તાળો મળતો નથી. ત્યારે આપણ ને સવાલ થાય કે ક્યાંક કઈક ખોટું થઈ રહ્યું છે. તો સવાલ એ થાય કે લોહીનો રીપોર્ટ સાચો કે પેશાબનો રીપોર્ટ સાચો.

ખાનગીમા મારા એક મિત્ર લેબોરેટરી ચલાવે છે. તેમણે આ સવાલ અમે પુછયો કે આવું કેમ થાય છે કે લોહી અને પેશાબના ડાયાબીટીસના રીપોર્ટ મેચ કેમ નથી થતા. લેબોરેટરી વાળા મિત્રએ કહ્યું સામાન્ય રીતે લોહીમાં ૧૮૦ મી.લી.ગ્રામ સુગર આવે ત્યારે જ પેશાબ મા સુગર દેખાય. ૨૫૦ મિલીગ્રામ સુગર આવે ત્યારે + જેટલું યુરીન સુગર દેખાય. ૩૦૦ ની આજુ બાજુ આવે ત્યારે +++ જેટલું યુરીન સુગર દેખાય. અને ૩૫૦ મીલીગ્રામ સુગર અથવા એનાથી વધારે આવે તો ++++ યુરીન સુગર દેખાય. જેમાં બ્લડ સુગાર ૫૦૦, ૬૦૦ કે ૭૦૦ મીલીગ્રામ હોય તો પણ યુરીન સુગર ++++ દેખાય. આવું ચોપડી મા લખેલું છે. પણ દુખની વાત એ છે કે ઘણી બધી વખત બ્લડ અને યુરીન સુગર મેચ નથી થતા. જે અમારે કરવા પડે છે. પછી લેબોરેટરી વાળા એ કહ્યું કે હમણાંજ ADA (American Diabetes Association) 10000

અનુસંધાન પાના નં. ૭ પર

સેટેલાઈટ ટેલિ-કમ્યૂનિકેશન અર્થ સ્ટેશન કયા આવેલું છે?

ખજાનો
અનિલ પટેલ

વિજ્ઞાન જગત

(૧) થાઈરોક્સીન શું છે ?
(અ) હોર્મોન (બ) રસી
(ક) પ્રોટીનનો પ્રકાર (ડ) એક પ્રકારની ચરબી

(૨) નીચેનામાંથી કયો રોગ આયોડિનની ઉણપથી થાય છે ?
(અ) પાંડુરોગ (બ) ગોઈટર
(ક) મરાસ્મસ (ડ) પેલાગ્રા

(૩) પેલાગ્રા રોગ કયા વધુ પડતા આહાર લેવાથી થાય છે?
(અ) ચોખા (બ) કઠોળ
(ક) મકાઈ (ડ) કંદમૂળ

(૪) નષ્ટપ્રાય વન્યજીવોની યાદી પ્રકાશિત કરતું પુસ્તક કયું છે?
(અ) ગ્રીન ડેટાબેન્ક (બ) રાડ ડેટા બેન્ક
(ક) શ્વેત બુક (ડ) ગ્રીન બુક

(૫) સોના અને સોનાલિકા કયા પાકની જાણીતી જાતિઓ છે ?
(અ) ડાંગર (બ) મકાઈ
(ક) મગફળી (ડ) ઘઉં

(૬) સૌથી મોટો ઉપગ્રહ કયો છે?
(અ) ટાઈટન (બ) મીમાસ
(ક) ખોબોસ (ડ) ડોમોસ

(૭) સૂર્ય દરેક નક્ષત્રમાં કેટલા દિવસ રહે છે ?
(અ) ૩ દિવસ (બ) ૭ દિવસ
(ક) ૧૩.૫ દિવસ (ડ) ૧૫ દિવસ

(૮) ગોનોરિયા કેવો રોગ છે ?
(અ) વારસાગત (બ) જાતીય રોગ
(ક) ચામડીના રોગ (ડ) મગજ સંબંધિત રોગ

(૯) કયા પ્રાણીના ડંખમાં ફોર્મિક એસિડ હોય છે ?
(અ) સર્પ (બ) વીંછી
(ક) કીડી (ડ) મધમાખી

(૧૦) એલીસા ટેસ્ટ કયા રોગ માટે કરવામાં આવે છે?
(અ) ડાયાબીટીસ (બ) ટાઈફોઈડ
(ક) મિક્સેડેમા (ડ) એઈડ્ઝ

(૧૧) મેલેરીયાની રસીના શોધક કોણ હતા ?
(અ) લિવિટેન (બ) હરગોવિંદ ખુરાના
(ક) એલેક્સઝેન્ડર ફ્લેમીંગ (ડ) એડવર્ડ જેનર

(૧૨) વિલિયમ શેરજન એ કઈ શોધ કરી હતી ?
(અ) પરમાણુની (બ) સાપેક્ષતાના સિદ્ધાંતની
(ક) ઉત્ક્રાંન્તિવાદ (ડ) એક્સ-કિરણો

(૧૩) રેફ્રિજરેટરમાં ઠંડક પેદા કરવા કયો વાયુ વપરાય છે?
(અ) મિથેન (બ) ઈથીલીન
(ક) હાઈડ્રોજન (ડ) અમોનિયા

(૧૪) સેટેલાઈટ ટેલિ-કમ્યૂનિકેશન અર્થ સ્ટેશન કયા આવેલું છે?
(અ) હૈદ્રાબાદ (બ) ચેન્નાઈ
(ક) અમદાવાદ (ડ) દિલ્હી

(૧૫) સોડિયમ બાયકાર્બોનેટ કોનું રાસાયણિક નામ છે?
(અ) ચોકનું (બ) ખાવાના સોડાનું
(ક) ટેલ્કન પાવડરનું (ડ) મીઠાનું

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- **૨૫ નવેમ્બર ૧૮૪૪ : કર્લ બ્રેન્ઝ :** જર્મન મિકેનિકલ એન્જીનીયર ઈન્ટર્નલ કમ્બીનેશન એન્જીનનો ઉપયોગ કરીને પ્રથમ કાર બનાવનાર
- **૨૫ નવેમ્બર ૧૮૩૫ : એન્ડ્રયુ કાર્નિઝ :** અમેરિકન ઉદ્યોગપતિ તથા માનવતાવાદી, કર્નીઝ સ્ટીલ કંપનીના ફાઉન્ડર - સ્ટીલમાં નવાં સંશોધન કરનાર
- **૨૬ નવેમ્બર ૧૮૯૪ : નોબર્ટ વિનર :** અમેરિકન ગણિતશાસ્ત્રી, 'સાયન્સ ઑફ સાયબર નેટીક્સ' શરૂ કરનાર
- **૨૬ નવેમ્બર ૧૮૯૧ : કાર્લ કલેન્સર ડેરો :** અમેરિકન ભૌતિકશાસ્ત્રી, વેસ્ટર્ન ઈલેકટ્રીકલ લેબોરેટરીમાં સંસોધન કરનાર
- **૨૭ નવેમ્બર ૧૯૦૮ : વિલિયમ વ્હાઈટ હોવેલ્સ :** અમેરિકન એન્થ્રોપોલોજીસ્ટ, બીજા વિશ્વ યુદ્ધ પછી લોકોનું ફીઝીકલ મેઝરમેન્ટ શરૂ કરનાર.
- **૨૭ નવેમ્બર ૧૯૦૬ : વિક્ટ બી કેફર :** અમેરીકન જુઓલોજીસ્ટ અને મેમોલોજીટ, સમુદ્રી સસ્તન પ્રાણીઓ પર વિશેષ સંશોધન કરનાર
- **૨૮ નવેમ્બર ૧૮૫૪ : ગોટ્લીલ હબરલેન્ડ :** ઓસ્ટ્રેલિયન બોટાનીસ્ટ ફીઝીઓલોજીકલ પ્લાન્ટ એટોનોમી' ના પાયોનીયર.
- **૨૮ નવેમ્બર ૧૮૫૪ : ડંકીન ફિલ્ડ હેનરી સ્કોટ :** ઈંગ્લીશ પેલીઓ-બોટાનીસ્ટ, સમુદ્રી અવશેષો પર સંશોધન કરનાર
- **૨૯ નવેમ્બર ૧૮૬૬ : અર્નેસ્ટ બ્રાઉન :** બ્રિટીશ એસ્ટ્રોનોમર, ચંદ્રની ગતિ અને લ્યૂનાર ટેબલ્સ બનાવનાર
- **૨૯ નવેમ્બર ૧૮૪૯ :** સર એમ્બ્રુસ ફલેમીંગ, ઈંગ્લીશ ઈલેક્ટ્રીકલ એન્જીનીયર પ્રથમ થર્મોનિક વાલ્વ બનાવનાર.
- **૩૦ નવેમ્બર ૧૮૬૯ : નિલ્સ ડેલીન :** સ્વીડીશ એન્જીનીયર ઓટોમેટીક સન વાલ્વ 'સોલ્વેન્ટીલ'ની શોધ બદલ ૧૯૧૨માં નોબેલ પ્રાઈઝ મળ્યું હતું.
- **૩૦ નવેમ્બર ૧૮૬૬ : રોબર્ટ બ્રુમ :** સ્કોટીસ સાઉથ આફ્રિકન પેલીઓન્ટોલોજીસ્ટ, 'એસોસિએટીંગ એમ્બીઓલોજી' ના નિષ્ણાત.
- **૧ ડિસેમ્બર ૧૮૦૨ : સર ડોમિનિક જહોન કોરીજન :** આઈરીસ ફિઝીશીયન, હૃદયમાં થતાં વિવિધ રોગો વિષે માહિતી આપનાર
- **૧ ડિસેમ્બર ૧૭૯૨ : નિકોલેય ઈવાનોવીચ લોબાચેસ્કી :** રશિયન ગણિતશાસ્ત્રી, ફાઉન્ડર ઑફ ઓન ઈકલ્યુડીન જયોમેટ્રી.

ગત સપ્તાહના સવાલનો જવાબ

સવાલ : તાજેતરમાં દક્ષિણ ભારતના પૂર્વ બીજેપીના કયા નેતાની પુત્રીનાં વૈભાવી લગ્ન દેશમાં ચર્ચાનો વિષય બન્ય છે?
જવાબ : જનાર્દન રેડ્ડી

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૩) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૪) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) પુજાબા જાડેજા : સે-૨૧ (૭) અનિકેત સુમેસરા : સે-૨૪

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

હાલમાં ભારત સરકારના નાણાં સચિવ કોણ છે?

'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

(૧) અ (૨) બ (૩) ક (૪) બ (૫) ડ (૬) અ (૭) ક (૮) બ (૯) ક
(૧૦) ડ (૧૧) અ (૧૨) ડ (૧૩) ડ (૧૪) ક (૧૫) બ